| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/10/24 |
| PAGE : | 4 |



# ફેશન ફ્યુઝન રેમ્પ વૉકમાં ટ્રેડિશનલ, આર્ટિસ્ટિક, મોર્ડન વેર રજૂ થયાં

અમદાવાદ: શહેરના શોપિંગ ફેસ્ટિવલ 2024 અંર્તગત 'ધી હસ્તકલા સેતુ' યોજના અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા અંર્તગત ફેશન શૉ અને ક્રાફ્ટ્સ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેશન શોમાં ટ્રેડિશનલ ઈન્ડિયન ક્રાફ્ટ્સને કન્ટેમ્પરી ફેશનમાં તૈયાર કરીને રેમ્પ પર રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો હેતુ હતો હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ સેક્ટરને એક નવી ઓળખ આપવાનો હતો. તેમજ ટ્રેડિશનલ ક્રાફ્ટ સાથે જોડાયેલા આર્ટિઝનને પ્લેટફોર્મ સાથે એમ્પાવર કરવાનો પણ હતો. શૉ અંતર્ગત ગુજરાતનાં 33 જિલ્લાના 35 હજાર આર્ટિઝનને એડવાન્સ સ્કિલ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ફેશન શૉ મુખ્ય હેતુ 'વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ એન્ડ જીઆઈ ક્રાફ્ટ' ને પ્રમોટ કરવાનો પણ હતો. એક્ઝિબિશનમાં ગુજરાતનાં 25 સ્ટેટના વિવિધ જીઆઈ ક્રાફ્ટ રજૂ કરતા પ્રોજક્ટ પણ ડિસ્પ્લે કરાયા હતાં.